e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 221
March 26, 2010

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે વરાછા ઝોનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે સેન્ટ્રલ ઝોનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## વિશ્વ ક્ષય દિન–૨૦૧૦ નિમિત્તે લોક જાગૃતિ અર્થે રેલી



વિશ્વ ક્ષય દિન નિમિત્તે લોક જાગૃતિ અર્થે સીંગણપોર હેલ્થસેન્ટરથી નીકળેલ રેલીનું પ્રસ્થાન સ્ટેન્ડીંગ ચેરમેનશ્રી મુકેશ દલાલ ધ્વારા કમિશ્નરશ્રી અર્પણા મેડમની હાજરીમાં કરવામાં આવ્યું હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## વિશ્વ ક્ષય દિન–૨૦૧૦ નિમિત્તે લોક જાગૃતિ અર્થે રેલી



સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત પિડીયાટ્રીક એસોસીએશન, ઈન્ડીયન મેડીકલ એસોસીયેશન, ફેમીલી ફીજીસીશ્યન એસોસીએશન, ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેક એસોસીએશન, સ્વૈચ્છીક સંસ્થાઓ, **USHAA & NIWCD** તથા અન્ય સરકારી/ બિનસરકારી સંસ્થાઓ તેમજ નવસર્જન ટ્રસ્ટ અને સ્વૈચ્છીક સંસ્થાઓનાં સંયુકત ઉપક્રમે શહેરને "**Child Friendly City**" બનાવવાના પ્રોજેકટ અંતર્ગત કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાનાં અધ્યક્ષસ્થાને તા. ૧૮/૩/૧૦ નાં રોજ મહાવીર કાર્ડીયાક હોલ ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૨૩–૦૩–૨૦૧૦ નાં રોજ પોલીસ બંદોબસ્ત મેળવીને કરવામાં આવેલ કામગીરીની નીચે મુજબ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## અઠવા ઝોનની કામગીરી

અઠવાઝોનનાં વડા ડેપ્યુટી કમિશ્નર (સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલાની રાહબારી હેઠળ એ.આર.ઓ.શ્રી બી.એલ. પટેલ તથા અઠવાઝોનનાં સ્ટાફ ધ્વારા જે મિલ્કતોનો લાંબા સમયથી આજદિન સુધી મ્યુનિ. મિલ્કત વેરો ભરપાઈ કરેલ નથી, તેવી નીચે જણાવેલ દુકાનો/ ફલેટો/રહેઠાણના મકાનો મળી કુલ–૧૨ મિલકતોને સીલ કરવાની તેમજ કુલ –૫ મિલ્કતોના નળ કનેકશન કાપવાની કાર્યવાહી કરવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે વરાછા ઝોનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે. જે અંર્તગત તા.૨૦/૦૩/૨૦૧૦ ના રોજ સવારના ૧૦ : ૦૦ કલાકે ન. પ્રા. શાળા નં. ૮૯, ૯૦, ભાતની વાડી, પૂર્વ ઝોન (વરાછા) કચેરીની બાજુમાં, વરાછા રોડ ખાતે, "લોકગીત અને ભજન સ્પર્ધા" અને સવારે ૧૧.૦૦ કલાકે જનતાનગર, શાંતિકુંજ, વરાછા ખાતે "વયવંદના" ના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાંજે ૭.૦૦ કલાકે ક્રાંતિ મેદાન, વરાછા રોડ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર ફાળો આપનાર, સિધ્ધિ મેળવનાર વ્યકિતઓના સન્માન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌ પ્રથમ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ડે. કમિશ્નરશ્રી (૫. અને ઈ.) એ મંચસ્થ મહાનુભાવો અને હાજર રહેલ નગરજનોને આવકાર્યા હતાં.

ત્યારબાદ વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર સિધ્ધિ મેળવનારાઓને ટ્રોફી તેમજ પ્રમાણપત્ર એનાયત કરી તેમનું સન્માન કરવામાં આવ્યુ હતું.

મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના પ્રવચનમાં જણાવ્યુ હતું કે ગુજરાત રાજયએ વિવિધ ક્ષેત્રમાં સુંદર કામગીરી કરી, દેશમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સુરત શહેરની જનતાને પ્રાથમિક સુવિધા આપવા માટે અમે કટિબધ્ધ છીએ. તેમાં સુરત શહેરની જનતાનો સહકાર જરૂરી છે. વિશ્વના વાતાવરણમાં જયારે મોટો ફેરફાર થઈ રહયો છે. ત્યારે લોકોને વૃક્ષો વાવવાની હાકલ કરી હતી. શાળા/કોલેજના વિદ્યાર્થીઓને રોજનો ૧ કલાક વૃક્ષોના જતન માટે ફાળવવાની અપીલ કરી હતી. વિદ્યાર્થીઓને તેમની વર્ષગાંઠ નિમિત્તે ઓછામાં ઓછું ૧ વૃક્ષ વાવવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો.

મા.ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાત રાજય તેની સ્થાપનાના ૫૦ વર્ષ પુરા કરે છે. તેના વધામણારૂપે આ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦"ની ઉજવણી નિમિત્તે એક સાચા ગુજરાતી તરીકે મારું ગુજરાત નિરોગી હોય, સમૃધ્ધ રહે તે માટેના પ્રયત્નો કરવાનો સંકલ્પ લેવા જણાવ્યું હતું.

શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરત શહેરનો છેલ્લા ત્રણ વર્ષમાં જે વિકાસ થયો તે બદલ સૌને અભિનંદન આપું છું. આ શહેર મારું છે એમ સમજી શહેરને સુંદર રાખવાની, પાણીનું એક એક ટીપું બચાવવા માટે હાકલ કરી હતી. સરકારી કચેરીઓને ગુટખાની પિચકારીઓથી ખરાબ ન કરીએ એવી અપીલ કરી હતી.

ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર) એ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણીનો કાર્યક્રમ એ જનજાગૃતિનો કાર્યક્રમ છે. ગુજરાતની વિકાસયાત્રા ચાલુ રહે તે માટે શહેરની જનતાને સહકાર આપવા જણાવ્યું હતું. આ પ્રસંગે આપણે સૌએ જે સંકલ્પો કર્યા છે તેને પુરા કરવા માટે સૌને અપીલ કરી હતી.




સાંજે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વરાછા ઝોન વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી.

અંતમા સમાજકલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષશ્રી, શ્રીમતિ મંજુલાબેન સાવલીયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ સૌનો આભાર માન્યો હતો. આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. હવે પછી તા.૨૧/૦૩/૨૦૧૦ થી તા.૨૭/૦૩/૨૦૧૦ દરમ્યાન સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા શહેરીજનોને અપીલ કરે છે.

TOP

# "સ્વર્ણિમ ગુજરાત વર્ષ – ૨૦૧૦" નિમિત્તે સેન્ટ્રલ ઝોનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ પુરા થતાં હોય સને ૨૦૧૦ ના વર્ષને "સ્વર્ણિમ ગુજરાત વર્ષ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે નિમિત્તે ગુજરાત સરકારની સૂચના મુજબ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે.





જે અંર્તગત તા.૨૧/૦૩/૨૦૧૦ ના રોજ સવારે ૮:૦૦ કલાકે સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સામૂહિક સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અન્વયે પૂ. મહાત્મા ગાંધીની પ્રતિમા, ચોકબજાર,સુરત પાસેથી રેલી તેમજ સામુહિક સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરજનો અને શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌ પ્રથમ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી તેમજ અન્ય મહાનુભાવો ધ્વારા પૂ. મહાત્મા ગાંધીની પ્રતિમાને સુતરાંજલી અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ રેલીની શરૂઆત કરવામાં આવી હતી. જે પૂ. મહાત્મા ગાંધીની પ્રતિમા પાસેથી શરૂ થઈ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, મુગલીસરા ખાતે આવી હતી. જયાં મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તેમજ મ્યુ. સભ્યશ્રીઓ ધ્વારા સામુહિક સફાઈ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા શાળાના બાળકો અને જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. હવે પછી તા. ૨૨/૦૩/૨૦૧૦ થી તા. ૨૭/૦૩/૨૦૧૦ દરમ્યાન સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા શહેરીજનોને અપીલ કરે છે.

TOP

# વિશ્વ ક્ષય દિન–૨૦૧૦ નિમિત્તે લોક જાગૃતિ અર્થે રેલી

વિશ્વ ક્ષય દિન નિમિત્તે લોક જાગૃતિ અર્થે સીંગણપોર હેલ્થસેન્ટરથી નીકળેલ રેલીનું પ્રસ્થાન સ્ટેન્ડીંગ ચેરમેનશ્રી મુકેશ દલાલ ધ્વારા કમિશ્નરશ્રી અર્પણા મેડમની હાજરીમાં કરવામાં આવ્યું હતું. જેમાં ડે.મેયર, આરોગ્ય સમિતિના ચેરમેન, રૂગ્ણાલય સમિતિ ચેરમેન તથા કતારગામ ઝોનનાં તમામ કોર્પોરેટર તથા આરોગ્યખાતાના અધિકારી, કર્મચારીઓ હાજર રહયા હતા. આરોગ્ય કાર્યકર્તાઓ ધ્વારા સુત્રોચ્ચાર સહિત વિવિધ પ્લેકાર્ડ સાથે વેડરોડ હેલ્થસેન્ટર સુધી રેલી કાઢવામાં આવી હતી. તથા ટીબીના રાક્ષસ સાથે "ડોટસ" ની લડાઈ વિષયે આકર્ષક વેશભુષા – નાટય ભજવવામાં આવ્યું હતું.





TOP

## વિશ્વ ક્ષય દિન–૨૦૧૦ નિમિત્તે લોક જાગૃતિ અર્થે રેલી



સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત પિડીયાટ્રીક એસોસીએશન, ઈન્ડીયન મેડીકલ એસોસીયેશન, ફેમીલી ફીજીસીશ્યન એસોસીએશન, ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેક એસોસીએશન, સ્વૈચ્છીક સંસ્થાઓ, **USHAA & NIWCD** તથા અન્ય સરકારી/ બિનસરકારી સંસ્થાઓ તેમજ નવસર્જન ટ્રસ્ટ અને સ્વૈચ્છીક સંસ્થાઓનાં સંયુકત ઉપક્રમે શહેરને **"Child Friendly City"** બનાવવાના પ્રોજેકટ અંતર્ગત કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાનાં અધ્યક્ષસ્થાને તા. ૧૮/૩/૧૦ નાં રોજ મહાવીર કાર્ડીયાક હોલ ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ.

ઉપરોકત વર્કશોપમાં કમિશ્નર કુ. એસ. અર્પણા, ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ) ડો. હેમંત દેસાઈ, ડો.વિકાસબેન દેસાઈ, સુરત પીડીયાટ્રીક એસોસીએશનનાં પ્રમુખ ડો.બંકીમ જરીવાલા, ઈન્ડીયન મેડીકલ એસોસીએશનનાં હોદેદારો, વિવિધ મેડીકલ એસોસીએશનનાં સભ્યો, સ્વૈચ્છિક સંસ્થાઓનાં હોદેદારો, સરકારી/બિનસરકારી સંસ્થાઓનાં પ્રતિનિધિઓ/હોદેદારો તેમજ શહેરનાં નામાંકિત બાળરોગ નિષ્ણાંત ડોકટરો, બાળકોનાં વિવિધ પ્રશ્નોને ધ્યાને લઈ તેના નિરાકરણ માટે કમીટીનું ગઠન કરવા તેમજ પબ્લીક પાર્ટનરશીપ હેઠળ સંસ્થાકીય ધોરણે વિવિધ વિભાગો સ્વૈચ્છિક ધોરણે યોગદાન આપવા હાજર રહેલ.

બાળમજુર સ્ટ્રીટ ચીલ્ડ્રન, ક્રિમીનલ જસ્ટીસ,શિક્ષણનું ભારણ,વાયોલન્સ,દારૂ/ડ્રગ્સનું વ્યસન,શારીરિક / માનસિક શોષણ તેમજ આરોગ્ય જેવા બાળકોનાં પ્રક્ષ્નોનાં સમાજમાં વ્યાપ તેમજ તે પ્રશ્નો સંદર્ભે ચોકકસ માર્ગદર્શિકા નકકી કરવા હાજર તમામનો અભિપ્રાય મેળવવામાં આવેલ.

બાળકોનાં પ્રશ્નોનાં નિવારણમાં બાળકોનો પણ અભિપ્રાય મેળવવામાં આવે, બાળકોની નિર્ણયશકિતનો વિકાસ થાય તેમજ તેમનાં પ્રશ્નોનાં નિરાકરણમાં યોગ્ય નિર્ણયો લે તે માટે તેમને સાંકળી લેવા સુચન થયા. વધુમાં વર્કશોપના અંતે હાજર તમામ તરફથી નીચે મુજબ સુચનો પણ કરવામાં આવ્યા.

- ❖ બાળકોના વિવિધ પ્રશ્નો જેવા કે ગરીબી, શિક્ષણ, બાળમજુર વિગેરે બાબતે સર્વે કરી ચોકકસ માહિતી મેળવવામાં આવે અને ત્યારબાદ અમલીકરણની માર્ગદર્શિકા તૈયાર થાય.
- ❖ કુપોષણ, લોહીની ઉણપ તથા બાળકોમાં જોવા મળતું જાડાપણું તેમનું ગુનાહિત માનસ અને તેના કારણો, બાળકોની સારવાર મેળવવાનો અને સ્વાસ્થ્ય રહેવાનો હકક, ભાર વિનાનું ભણતર, રસીકરણ, આશ્રય સ્થાન વિગેરે વિષયોને અગત્યતા આપીને તે દિશામાં તાકીદે પ્રયત્નો શરૂ થાય અને **"Child Friendly City"** ના અભિગમનો સમાજના તમામ નાગરિકોને આ અભિયાનની જાણકારી મળે તે માટે જાહેરાતો, પ્રચાર/પ્રસાર થાય તેવા સુચન કરવામાં આવ્યા.

વર્કશોપ અંતે કમિશ્નરશ્રી તરફથી આ વર્કશોપમાં થયેલ તમામ સુચનો પૈકી અગત્યના સુચનો અલગથી તારવી તે બાબતે કોરગ્રૃપની રચના કરી કાર્યક્રમ અમલીકરણની રૂપરેખા – રોડમેપ તૈયાર કરી તેનું અમલીકરણ પણ જે તે સંસ્થાઓ મારફતે જ શરૂ કરવામાં આવે તેવો અભિગમ અપનાવવા તમામ સભ્યોને અનુરોધ કર્યો હતો.

**TOP**

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૨૩–૦૩–૨૦૧૦ નાં રોજ પોલીસ બંદોબસ્ત મેળવીને કરવામાં આવેલ કામગીરીની નીચે મુજબ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૪૯ (કતારગામ)માં હરીધ્વાર સોસાયટી, સંતોષનગર થઈને સ્વામીનારાયણ તથા નીલકંઠ નગર વચ્ચે થઈ પસાર થતા ૩૦ ફુટનાં પહોળાઈના ટી.પી. રસ્તામાં નડતરરૂપ કંપાઉન્ડ વોલ ગુલાબની વાડી અને ઢોરનો તબેલો દુર કરવામાં આવેલ છે.

આ રસ્તો ખુલ્લો કરવાથી વેડરોડ અને ડભોલી –લલીતા ચોકડી વાળા રસ્તાને સીધુ જોડાણ મળશે.

TOP

## અઠવા ઝોનની કામગીરી

અઠવા ઝોનનાં વડા ડેપ્યુટી કમિશ્નર (સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલાની રાહબારી હેઠળ એ.આર.ઓ.શ્રી બી.એલ. પટેલ તથા અઠવાઝોનનાં સ્ટાફ ધ્વારા જે મિલ્કતોનો લાંબા સમયથી આજદિન સુધી મ્યુનિ. મિલ્કત વેરો ભરપાઈ કરેલ નથી, તેવી નીચે જણાવેલ દુકાનો/ ફલેટો/રહેઠાણના મકાનો મળી કુલ–૧૨ મિલકતોને સીલ કરવાની તેમજ કુલ –પ મિલ્કતોના નળ કનેકશન કાપવાની કાર્યવાહી કરવામાં આવેલ.

- અઠવા નીતિન એપા. ફલેટ નં. ૧
- ઘોડદોડ રોડ જોલી સ્કવેર દુકાન નં. એફ–૧૮
- ભટાર રોડ શિવદર્શન એપા. દુકાન નં. એલ–૧૦૧
- ઉમરા સીટી લાઈટ કોમ્પ્લેક્ષ દુકાન નં. એફ –૧૬ થી ૧૮, દુકાન નં. એફ–૧૯ થી ૨૨ તથા દુકાન નં. એફ –૨૩ થી ૨૪ ની મિલ્કતો ને સીલ કરવામાં આવતા સીટી લાઈટ કોમ્પ્લેક્ષ દુકાન નં. એફ. –૧૬ થી ૧૮ તથા દુકાન નં. એફ–૧૯ થી ૨૨ તેમજ નીતિન એપા. ફલેટ નં. ૧ ના કુલ –૮ મિલ્કતદારો ધ્વારા મ્યુનિસિપલ વરો રૂા. ૫૦,૨૫૨/– ભરપાઈ કરવામાં આવતા સીલ ખોલી આપવામાં આવેલ.

તેમજ ઉમરા, આનંદ મંગલ હા. સોસા. પ્લોટ નં. ૧૩૭ તથા ઉમરા રે.સ.નં. ૩૬/૩, ૪૧/૧ પૈકીની મિલ્કતના બાકી મ્યુનિ. વેરાની વસુલાત માટે પાણી નળ જોડાણ કાપવાની કાર્યવાહી કરતાં સ્થળ પર મિલ્કતદારો ધ્વારા કુલ મ્યુનિ. વેરો. રૂા. ૨૨,૩૩૭/– જમા કરાવતાં તથા ઉમરા દેવદીપ સોસા. પાસે આવેલ રાજમહલ એપા. નો કુલ મ્યુનિ. વેરો રૂા. ૧,૨૮,૦૯૫/–ની બાકી વસુલાત માટે નળ જોડાણ કાપવાની કાર્યવાહી દરમ્યાન મિલ્કતદાર ધ્વારા મ્યુનિ. વેરો ભરપાઈ કરવાની બાંહેધરી આપવામાં આવતા નળ જોડાણ કાપવાનું મુલતવી રાખવામાં આવેલ.

આમ અઠવા ઝોનમાં મ્યુનિ. મિલ્કતવેરાની વસુલાત અંગે સક્રિય ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે.

TOP